# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## ચોથું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

ગુરુવાર, ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪

સવારે ૦૯:૦૦ વાગ્યે

૧. <u>પ્રશ્નોત્તરી</u>

<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>

(૧) માનનીય આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી

(૨) માનનીય પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી

૨. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>

(૧)

(ક) ગુજરાત સરકારના સન ૨૦૨૨-૨૩ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (અંગ્રેજી અને ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૨૨-૨૩ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી અને ગુજરાતી)

<u>......માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ</u>

(૨)

આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૧-૨૨ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

<u>...... માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત</u>

(૧)સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

(૨)સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

(૩)

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર

અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

(૪)
ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૫)
ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૬)
ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**...... માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ભીખુસિંહજી પરમાર**

(૭)
ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... પશુપાલન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી બચુભાઇ ખાબડ**

(૮)
ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૯)
ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

**...... શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૧૦)
ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

(૧)સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૨)સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૩)સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ

## ૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

(૧) અંદાજ સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત

**.....સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી મનીષા વકીલ/સભ્યશ્રી**

## ૪. સરકારી વિધેયકો

(૧)
સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨)
સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૪નું ધીરૂભાઇ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલ પાનસેરીયા**

(૩)
સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા**

## ૫. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

(૧)

### માનનીય સભ્યશ્રી માવજીભાઇ દેસાઇનો પ્રસ્તાવ (૬૦ મિનિટ)

ગુજરાતે છેલ્લા બે દાયકામાં સાતત્યપૂર્ણ વિકાસ કરી, જી.એસ.ડી.પી.માં ૧૪.૮૯%નો વિકાસદર હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં દેશના જી.ડી.પી.માં ગુજરાત રાજ્યનો ફાળો ૫.૧% હતો, જે આજે વધીને ૮.૨% થયેલ છે. આમ, દેશના વિકાસમાં ગુજરાતે પોતાનો ફાળો ઉત્તરોત્તર વધારી, દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયેલ છે. રાજ્યની આ વિકાસયાત્રાના પ્રણેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારત@૨૦૪૭નું આહ્વાન કર્યું છે. વિકસિત ભારતની આ સંકલ્પનામાં, ગુજરાત અગત્યનો ફાળો ભજવી, દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે રાજ્ય સરકારનું ધ્યેય છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતની સમૃદ્ધિ અર્થે ગુજરાતની સમૃદ્ધિનો માર્ગ કંડારવા દૂરંદેશી સાથે એક નાનકડું લાગતું પણ વિરાટ કદમ ઉઠાવ્યું. એ વિરાટ કદમ એટલે “વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ”. વર્ષ ૨૦૦૩માં વાવેલું વાઈબ્રન્ટનું “વિચાર બીજ'' આજે વટ વૃક્ષ બની ગયું છે. જેના ખૂબ જ સારા પરિણામો મળ્યા છે પરિણામે ગુજરાત વિકાસની તેજ ગતિએ આગળ વધી રહ્યું છે.

વેપાર અને વાણિજ્ય જેના લોહીમાં વહે છે એવી છાપ ધરાવતા ગુજરાતીઓના વેપાર વાણિજ્યના પાંચ હજાર વર્ષના ઈતિહાસમાં વસુધૈવ કુટુંબકમની ભાવના પ્રતિબિંબિત થાય છે. એ અર્થમાં ગુજરાતના આંગણે યોજાતી આ સમિટ આર્થિક ઉત્કર્ષની સાથે સાથે સંસ્કૃતિઓનું પણ આદાન-પ્રદાન કરવા માટેનું એક મજબૂત મંચ બની રહી છે. ગુજરાતના સપૂત અને વિશ્વ માનવ મહાત્મા ગાંધીની સ્મૃતિ અને સંદેશને જીવંત કરતાં મહાત્મા મંદિરના પ્રાંગણમાં યોજાતી ગુજરાત ગ્લોબલ સમિટે સમસ્ત વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો શાનદાર પ્રારંભ કરાવ્યો ત્યારે મહાત્મા ગાંધીની સ્મૃતિ અને સંદેશ સાથે અમૃત કાળના આરંભની અનુભૂતિ થઈ હતી. ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ચાર દેશોના વડા સહિત ૧૩૦ કરતાં પણ વધુ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અમૃતકાળની પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓ ભારતની વિકાસયાત્રામાં મહત્વના સહયોગી બન્યા હતા.

છેલ્લા વીસ વર્ષોમાં વાઈબ્રન્ટ સમિટે વૈશ્વિક સ્તરે નવા વિચારોને પ્લેટફોર્મ આપ્યું છે તેમજ નવા રોકાણો અને વળતર માટે નવો માર્ગ કંડાર્યો છે અને તે ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલી જાણકારીઓ અને અનુભવો વહેંચવાનું ગ્લોબલ પ્લેટફોર્મ બન્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં દેશ-વિદેશના વિવિધ ઉદ્યોગપતિઓને મૂડી રોકાણની તકો વિશે માહિતગાર કરી આ સમિટને સફળ બનાવવાનો પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રોમાં આશરે ૪૫ લાખ કરોડથી વધુ રકમના ૯૮,૦૦૦થી વધુ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આનાથી રાજ્યના વિકાસનો પાયો નક્કર અને મજબૂત બનનાર છે ત્યારે ગુજરાત રાજ્યમાં ઊભી થયેલ વિકાસની આ આશાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે જરૂરી અસરકારક પગલાં લેવા આ સભાગૃહ ચર્ચા-વિચારણા કરે.

## ૬. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો

(૧)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવા.

........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા

| | |
|---|---|
| વિધાનસભા ગૃહ | ડી. એમ. પટેલ |
| ગાંધીનગર | સચિવ |
| તારીખઃ૨ ૮ ફેબ્રુઆરી ૨ ૦ ૨ ૪ | ગુજરાત વિધાનસભા |